# <u>ઘઉં પાકમાં ફિલ્ડ ડે ની ઉજવણી</u>

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., મુવાલીયા ફાર્મ, દાહોદ દ્વારા તા : ૨૩/૦૨/૨૦૧૮ ના રોજ ઝુસા (તા. સંજેલી) ગામ મુકામે પ્રથમ હરોળ નિદર્શન અંતર્ગત ઘઉં (જી. ડબલ્યુ.-૩૬૬) પાકમાં <u>"ફિલ્ડ ડે"</u>ની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં પ્રો. એચ. એલ. કાચા, વૈજ્ઞાનિક (બાગાયત)એ ઘઉં પાકમાં તાજેતરમાં બહાર પાડવામાં આવેલ જાતો વિશે તથા શાકભાજી પાકોનુ મહત્વ તેમજ કિચન ગાર્ડનીંગ વિશે સમજ, પ્રો. એન. ડી. મકવાણા, વૈજ્ઞાનિક (સસ્ય વૈજ્ઞાનિક) દ્વારા ઘઉં પાકમા જૈવિક ખાતર તથા પિયત વ્યવસ્થાપન અને અંકુરણ પરીક્ષણ માટે દેશી પધ્ધતી વિશે, પ્રો. જી. કે. ભાભોર, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ) દ્વારા ખેડૂત દિનનું મહત્વ તથા જી. ડબલ્યુ.-૩૬૬ જાતનો વધુમાં વધુ સમસ્તરીય પ્રસાર વિશે સમજ આપી ખેડુતોને પ્રોત્સાહિત કરેલ. આ કાર્યક્રમમાં કુલ ૬૪ ખેડૂત ભાઈઓ અને બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

| | |
|---|---|
|  |  |
| પ્રો. એચ. એલ. કાચાનું ઉદ્દબોધન | પ્રો. એન. ડી. મકવાણાનું ઉદ્દબોધન |
|  |  |
| પ્રો. જી. કે. ભાભોરનું ઉદ્દબોધન | ફિલ્ડ ડે ની ઉજવણીમાં ભાગ લીધેલ ખેડુત ભાઈઓ અને બહેનો |




ઘઉં પાકમાં ફિલ્ડ ડે ની ઉજવણીમાં ભાગ લીધેલ ખેડુત ભાઈઓ અને બહેનો